| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૦૨ | ૦૩ | ૨૦૨૬ |
| રજી. તારીખ : | ૦૨ | ૦૩ | ૨૦૨૬ |
| ફેસંલ તારીખ : | ૦૬ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૪ |

**સુરેન્દ્રનગરના મહે.સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં. મુ.સુરેન્દ્રનગર.**

**ફોજ.પરચુ.અરજી નં. ૨૩૨/૨૦૨૬**
**આંક:–૦૭**

નીતીનભાઇ કાળુભાઇ ઉર્ફે કાળાભાઇ ચાવડા
ઉ.વ.આ.૨૫, ધંધો–ખેતમજુરી
રહે.રાતકડી,તા. સાયલા
જિ. સુરેન્દ્રનગર .............અરજદાર

**વિરુધ્ધ**

શ્રી સરકાર .............સામાવાળા

---

વિ.વકિલશ્રી ડી.એન.સદાદીયા........................અરજદાર તરફે
વિ.સ્પે.પી.પી.શ્રી એચ.એ.પરમાર................સામાવાળા શ્રી સરકાર તરફે

---

**બાબત:–** ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા ૨૦૨૩ ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.

**:::::: ચુ કા દો ::::::**

(૧) આ કામના અરજદાર/આરોપી ચોટીલા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૧૦૦૯૨૬૦૦૪૯/૨૦૨૬, પ્રોહીબિશન એકટની કલમ ૬૫(એ)(ઇ),૧૧૬(બી),૯૮(૨) મુજબના ગુના સબબ જયુડીશીયલ કસ્ટડીમાં હોઇ તેઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા ૨૦૨૩ ની કલમ ૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી સબંધે સરકારશ્રીને નોટીસ કરવામાં આવતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એચ.એ.પરમાર હાજર થયેલ છે અને તેઓએ આંક–૬ થી તપાસ કરનાર અમલદારશ્રી બી.એન.દિવાનનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી ડી.એન.સદાદીયાનાઓ દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીનુ ફરીયાદમાં નામ નથી. અરજદાર/આરોપી તદન નિર્દોષ છે. હાલના ગુનાના કામે ખોટી રીતે સંડોવી દેવામા આવેલ છે. વધુમાં અરજદારની આ ગુનાના કામે તા.૨૫–૨–૨૬ ના રોજ અટક કરવામા આવેલ છે. વધુમાં દલીલમાં જણાવેલ છે કે, આ કામની ફરીયાદ ધ્યાને લેતા રેઈડ દરમ્યાન અરજદાર હાજર હોય અને પોલીસને જોઇ નાસી ગયેલ હોય તેવુ પણ જણાઈ આવતુ નથી.વધુમાં હાલના અરજદારના સભાન કબજામાથી કોઇ પ્રોહિબીશન મુદામાલ કબજે કરવામા આવેલ નથી. વધુમાં બનાવમાં પકડાયેલ વાહન પણ અરજદારની માલિકીનુ નથી. વધુમાં દલીલમા જણાવેલ છે કે, આ

કામના આરોપી વિરુધ્ધ કોઇ પુરાવો નથી. કબુલાતના આધારે હાલના આરોપીને ગુનામા અટક કરવામા આવેલ છે. વધુમાં કહેવાતી ગાડીના રજીસ્ટર્ડ ઓનર બીજા છે. અરજદાર સામેનો ગુનો મેજીસ્ટ્રેટ ટ્રાયેબલ ગુનો છે.વધુમાં અરજદાર ઉપર કુટુંબના ભરણપોષની જવાબદારી છે. અરજદારને લાંબો સમય કસ્ટડીમા રાખવામા આવે તો પરીવારને મુશ્કેલી સહન કરવી તેમ છે. અરજદાર અરજીમા જણાવેલ સરનામે રહે છે. કયાંય નાસી ભાગી જાય તેમ નથી.અરજદાર/આરોપી નામ.કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા તૈયાર અને ખુશી છે.જેથી અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૩) સામાપક્ષે વિ.પી.પી.શ્રી એચ.એ.પરમારનાઓએ ઉપરોકત રજુઆત સામે દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી સામે પ્રોહીબિશન એકટની કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), મુજબના ગુનાના આક્ષેપો છે અને કહેવાતી રેઇડમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થાની બોટલો કુલ નંગ-૨૮૬૮ કિમંત રૂા.૧૦,૭૮,૮૦૦ /- નો પ્રોહિબીશન મુદામાલ મળી આવેલ છે. વધુમાં દલીલમાં જણાવેલ છે કે, કહેવાતી રેઇડ સમયે જે બ્રેજા કાર પકડાયેલ છે તે ગાડીની તપાસ કરતા હાલના અરજદારને વેચાણ આપેલ હોવાનુ ખુલવા પામેલ છે અને લોન ચાલુ હોવાથી હાલના અરજદારના નામે થયેલ નથી. વધુમાં જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપી દારૂનો જથ્થો મગાવનાર તરીકે મુખ્ય આરોપી છે. આ કામે ખુબ મોટી માત્રામા વિદેશી દારૂ પકડાયેલ છે અને તપાસ હજુ બાકી છે. અન્ય બે આરોપીઓને હજુ પકડાવાના બાકી છે. વધુમાં અરજદાર/

આરોપી સામે કુલ ૩ ગુનાઓ પ્રોહિબીશનના નોંધાયેલ છે જે પૈકી બે ગુનાઓ અરજદાર સામે સાબિત થયેલ છે. આમ અરજદાર પ્રોહિબીશનના ગુનાઓ કરવાની ટેવવાળા છે અને અરજદારની ગુનામા મુખ્ય અને સક્રિય ભુમિકા રહેલ હોવાનુ પ્રથમ દર્શનિય જણાઈ આવે છે. જેથી અરજદાર/આરોપીની હાલની આ રેગ્યુલર જામીન મેળવવાની અરજી નામંજુર કરવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

(૫) બન્ને પક્ષોના વિ.વકીલશ્રીની દલીલો તથા તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ ધ્યાને લેતા, ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામની ફરીયાદ તા.૨૭–૧–૨૦૨૬ ના રોજ પી.એસ.આઇ. બી.એન.ગળચર,ચોટીલા પો.સ્ટે. ધ્વારા નોંધાવવામા આવેલ છે અને તે મુજબ તેઓ તથા તેમના સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે નાના પાળીયાદ ગામે પહોંચતા ખાનગી હકીકત મળેલ કે, પીપરાળી ગામની સીમમા નાની મોરસલ પીપરાળી રોડ ઉપર આવેલ રાતડકી ગામના બોર્ડની બાજુમા આવેલ સરકારી પડતર જગ્યામા ઇંગ્લીશ દારૂનુ કટીંગ ચાલુ છે. જેથી તેઓએ બે પંચોના માણસોને બોલાવી રેઇડ બાબતે હકીકતની સમજ કરી અને અરસપરસ ઝડતી કર્યા બાદ રેઇડવાળી જગ્યાએ પહોંચી ૨:૧૫ વાગ્યે રેઇડ કરતા સદર જગ્યાએ કોઇ વ્યકિત હાજર જોવા મળેલ નહી અને વાહનોના તેમજ બેટરીના અજવાળે તપાસ કરતા ત્યાં બાવળોની ઝાડીઓની વચ્ચે પડતર જગ્યામા એક મોટરકાર પડેલી હોય તેમા પાછળની ડેકીમા ઇંગ્લીશ દારૂની પેટીઓ જોવા મળેલ તેમજ મોટરકારથી થોડે દુર ખુલ્લી પડતર જગ્યામા પુંઠાની ઇંગ્લીશ દારૂની પેટીઓ બે અલગ અલગ થપ્પામા જોવા મળેલ અને આ જગ્યાએથી

વિદેશી દારૂના જથ્થાની બોટલો કુલ નંગ–૨૮૬૮ કિમંત રૂા.૧૦,૭૮,૮૦૦ /– નો પ્રોહિબીશન મુદામાલ મળી આવેલ છે.વધુમાં તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ જોવામા આવે તો કહેવાતી રેઇડ સમયે જે ઇંગ્લીશ દારૂની બોટલો મળી આવેલ છે તે હાલના અરજદારે સદર પ્રોહિબીશન મુદામાલ મગાવેલ હતો તેમજ રેઇડવાળી જગ્યાએથી જે બ્રેઝા કારમાથી પ્રોહીબીશન મુદામાલ મળી આવેલ છે તે કારના કબજેદાર હાલના અરજદાર/ આરોપી હોવાનુ જણાવેલ છે અને હાલના અરજદારે સદર ગાડી હાલ રાજકોટ રહેતા જયરાજભાઇ ધીરુભાઇ માંજરીયા પાસેથી લીધેલ હતી, પરંતુ લોન ચાલુ હોવાથી હાલના અરજદારના નામે થયેલ નથી. આમ ત.ક.અમલદારનુ સોગંદનામુ જોતા રેઇડ સમયે જે ગાડીમાથી વિદેશી દારૂ મળી આવેલ છે તે ગાડીના કબજેદાર હાલના અરજદાર હોવાનુ જણાઇ આવે છે.વધુમાં જોવામા આવે તો આ કામના અરજદાર/આરોપીનુ તપાસ દરમ્યાન નામ ખુલવા પામેલ છે. વધુમાં આ કામે તપાસ ચાલુ છે અને અન્ય આરોપીઓને હજુ પકડવાના બાકી છે અને રેઇડ દરમ્યાન ખુબ મોટી માત્રામા પ્રોહિબીશનનો મુદામાલ પકડાયેલ છે.વધુમાં અરજદાર સામે અગાઉ પણ ત્રણ પ્રોહિબીશન ના ગુનાઓ નોંધાયેલ છે અને તેમા બે ગુના તેમની સામે સાબિત થયેલા છે.તેવા સંજોગોમા અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા હું મારી વિવેકબુધ્ધિને આધિન સત્તા વાપરવી ન્યાયોચિત ગણતો નથી અને નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>::: હુ ક મ :::</u>**

અરજદાર/આરોપી નીતીનભાઇ કાળુભાઇ ઉર્ફે કાળાભાઇ ચાવડાની ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા ૨૦૨૩ ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર

જામીન ઉપર મુકત થવાની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૬ ઠી માહે માર્ચ, સને.૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**સુરેન્દ્રનગર**
**તા.૦૬/૦૩/૨૦૨૬**

**(કૈલાશનાથ રાધેશ્યામ ઉપાધ્યાય)**
**સેશન્સ જજ,સુરેન્દ્રનગર**
**(Unique ID Code : GJ 00333)**

*S.N.M.*